# સરકારી વિનયન કોલેજ

(ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત અને ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન)
શ્રી કે.કા.શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, ખોખરા રોડ, મણિનગર(પૂર્વ), અમદાવાદ–૩૮૦૦૦૮.
URL : https://www.gacmaninagar.com/ Phone: 079-22932516 Email:info@gacmaninagar.com


सत्यमेव जयते

आज़ादी का अमृत महोत्सव

તા.૧૧/૦૨/૨૦૨૩

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩માં બી.એ. સેમ: 2-4-6 ની ફી ભરવા અંગે સૂચના

આથી અત્રેની કોલેજમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ માં રેગ્યુલર બી.એ. સેમ- 2-4-6 માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, ગુજરાત યુનિવર્સિટીનાં એકેડેમિક કેલેન્ડર અનુસાર બી.એ. સેમ- 2-4-6 ની શૈક્ષણિક સત્રની શરૂઆત થઇ ચૂકી છે. જે માટે વિદ્યાર્થીઓને બી.એ. સેમ-2-4-6 ની પ્રવેશ ફી કોલેજ ખાતે ઓફલાઈન માધ્યમથી જમા કરાવવા માટે વિદ્યાર્થીઓને ટેલિગ્રામ ચેનલ અને વેબસાઇટના માધ્યમથી વારંવાર નોટિસથી જાણ કરેલ હતી. તેમ છતાં, નીચે મુજબની યાદી અનુસારના વિદ્યાર્થીઓએ કૉલેજની બી.એ. સેમ-2-4-6 ની ફી જમા કરાવેલ નથી.

આથી ફી બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ નીચે જણાવેલ વિગતોનુસાર નિયત તારીખના રોજ સમયમર્યાદામાં કોલેજ ખાતે ફી ભરી દેવી.

| વિગત | ફી ભરવાની તારીખ અને સમય | | ફી ની રકમ (ભાઇઓ માટે) | ફી ની રકમ (બહેનો માટે) |
|---|---|---|---|---|
| બી.એ. સેમ-૨<br>બી.એ. સેમ-૪<br>બી.એ. સેમ-૬ | ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ | બપોરે ૧૨ થી ૩ | ૧૦૮૦/- | ૪૮૦/- |

નોંધ :

1. સેમ-૪ અને ૬ માટે ભૂગોળ/મનોવિજ્ઞાન મુખ્ય વિષય હોય તેવા વિદ્યાર્થીઓએ રૂ.૧૨૦/- ફી પ્રેક્ટીકલ ફી વધારાની ચુકવવાની રહેશે.
2. નીચે મુજબ ડોક્યુમેન્ટની સ્વપ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.
    - સેમ-૧ ગુજરાત યુનિવર્સિટી પરીક્ષાની હોલટીકીટની નકલ (સેમ-૨ માટે)
    - સેમ-3 ગુજરાત યુનિવર્સિટી પરીક્ષાની હોલટીકીટની નકલ (સેમ-૪ માટે)
    - સેમ-૫ ગુજરાત યુનિવર્સિટી પરીક્ષાની હોલટીકીટની નકલ (સેમ-૬ માટે)
3. રૂમ નંબર-૧૩૦ ની બારી પર ફી ભરવાની રહેશે.
4. વધુ માહિતી માટે કોલેજની વેબસાઈટ અને ટેલીગ્રામ ચેનલની મુલાકાત લેવી.
5. બી.એ. સેમ-૨/૪/૬ ની કૉલેજની આંતરિક પરીક્ષાનું ટાઇમ-ટેબલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.
6. **બી.એ. સેમ-2-4-6 ની ફી નહિં ભરનાર વિદ્યાર્થીને આંતરિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિં તેમજ ગુજરાત યુનિવર્સિટી પરીક્ષામાં બેઠક નંબર જનરેટ થશે નહિં. જેથી બી.એ. સેમ-૪ અને ૬ નું પરિણામ પ્રાપ્ત થશે નહિ. જે અંગેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.**

ડૉ.નમિતા શર્મા
આચાર્ય
સરકારી વિનયન કોલેજ
મણિનગર, અમદાવાદ